૪૫૦૫

૪/ વા ૫૧

૪૫૦૫

રચનાર—રણછોડદાસ ફકીરભાઇ—હાથવાળુ



ચોથીઆ તથા એકાંતરીઆ તાવની કથા.

સુરત "ખોદાબક્ષ" પ્રેસ
એમ. જે. પોષ્ટવાળા

શ્રીગણેશાયનમઃ॥ અથ એકાંતરીઆ તાવની કથા પ્રારંભ.

એક સમે પાટણ મુલકમાં સમો પડયો અને તે મુલક અફરા તફરી થયો, તેમાં એક રજપુત રહેતો હતો તેને એક છોકરો હતો તે એક વેળા તે રજપુતને કહેવા લાગ્યો જે દાદાજી આપણે આ ગામમાંથી કંઈ બ.જે ગામ જઈએ ત્યારે દાદાએ કહ્યું જે ઘણું સારૂં. ચાલો જઈએ તે ત્યાંથી નીકલીને અમદાવાદ આવ્યા ત્યાં અમદાવાદના લોક કહેવા લાગ્યા જે આપણો આ મુલક ખોટોછે, તેથી તેઓ ત્યાંથી નીકળીને ભરૂચ આવ્યા, ત્યાં દીવસ ચાર પાંચ રહ્યા ત્યાંના લોકો કહેવા લાગ્યા જે કોકણ કાંઠાનો મુલક સારોછે તેથી પેલો રજપુત તથા તેનો છોકરો ત્યાં આવ્યા ને થોડા દીવસ રહીને મહુએ આવ્યા, અને ત્યાંથી રામનગર આવ્યા તે ગામને પાદરે આવીને મુકામ કીધો ભીખ માગી લાવીને રોટલા ખાધા, ને ગામમાં એક રજપુત રહેતો હતો તે પેલાને કહેવા લાગો જે તમે કોણછો સી ન્યાતછો ત્યારે કહ્યું જે અમો રજપુત છઈએ, ત્યારે તેણે કહ્યું જે અમારે ઘેર આવીને રહો પછી બંને જણા બાપ દીકરો પેલા રજપુતને ઘેર જઈને રહ્યા. થોડા દીવસ તે રજપુતને ઘેર રહ્યા પછી તે કહેવા લાગો જે તમેતો ભલા માબાપના ફરજંનછો માટે તમારો દીકરો ને અમારી દીકરીનો

વીવાહ કરીએ તેવારે પેલો રજપુત કહેવા લાગ્યો જે અમારો દીકરો કુંવારોછે તમારા મનમાં ગમેતો વીવાહ કરો પછી વીવાહ કર્યા પછે કેટલાક મહીના વીત્યાબાદ પેલો રજપુતનો છોકરો કહેવા લાગ્યો જે વહુને મોકલો અમેતો હવે હમારે ગામ જઈસું ત્યારે તે છોકરીનો બાપ કહેવા લાગ્યોજે મહીના પછી મોકલીસું પણ પેલો રજપુત કહેવા લાગોજે અમેતો અમારે જઈશુ. એમ કહી બાપ દીકરો બંને જણા પોતાને ગામ આવ્યા ને છાપરાં છાપરી બાંધીને રહયા એમ કરતાં કેટલાએક દીવસ નીકલી ગયાપછે કહેવા લાગો દાદા વહુને તેડવા જાઓ દાદાએ જવાબ દીધોજે દીવશ દસ પાંચ રહીને જઇસું. એટલાંમો પછે દસપાંચ દીવસ વીત્યા બાદ પાછો પેલો છોકરો કહેવા લાગો જે દાદા વહુને તેડવા જાઓ ત્યારે ફરીને પણ દાદાએ જવાબ દીધોજે દીવસ દસપાંચ રહીને જઇસું પછે વલી દીવસ દસપાંચ થઈ ગયા ત્યારે ફેરીથી પાછું છોકરાએ દાદાને કહ્યુંજે દાદા વહુને તેડવા જાઓ જો તમે નહીં જવાના હોવતો હું વહુને તેડવા જાઉં. તેવારે દાદાએ કહ્યુંજે તમે શુખેથી વહુને તેડવા એજાા પછે છોકરો વહુને તેડવાને સારૂ સસરાને ગામ ગયો ત્યાં જઈને સસરાને ત્યાં ચોરે જઈને બેઠો. ત્યાં આંગણાં પાશે સસરાના છોકરાંઓ બેઠાં હતાં તે તેને વેહેલા

વેહેલાં ઘરમાં તેડી જઇને કહેવા લાગ્યોજે આપણે ઘેર કોઇ પરોણા આવીને બેઠાછે તેવારે ઘરમાંથી બૈરાંઓએ આવીને જોયું તો જમાઇને દીઠા ને તેને ઘરમાં તેડી જઇને બેસાડયા ને પાણીનો કળસીઓ ભરી લાવીને મો આ અળ મુકયો. ને છોકરાંને કહ્યુંજે પટેલને જઇને કેહેજો જે જમાઇ આવ્યાછે તેને મળવાને સારૂ આવો. પછે સસરા પણ આવીને મળ્યા તથા બીજાં સગા સંમધી પણ આવીને મળ્યાને અરસ પરસ ભેટયા કુસળ વાત પુછી પછે રજપુતના છોકરાએ પડોશણને કહ્યું અમો તો તેડવાને આવ્યા છઇએ. તેવારે રજપુતના ઘરમાંથી જ-બાપ દીધો જે એક મહીના પછી મોકલીસું પછે તે ત્યાં પરોણા રહયા પછીતો છોકરા છોકરીનો મેલાપ થઓ પછી મહીન રહ્યા પછે મહીનો એક પુરો થયા પછે જમાઇએ કહ્યું જે હવે વહુને મોકલો ત્યારે સાંસરીઆં કહેવા લાગાંજે છોકરીને મહીના રહ્યાછે માટે છુટાછેડા થયા પછે મોકલીસું. પછે માસ પુરા થયા એટલે છોકરીને છુટા છેડા થયાં ને પછે વલી જમાઇએ કહ્યું જે વહુને મોકલો ત્યારે સાસરીઆંએ જવાબ દીધો જે છોકરી છોકરાનો વાલી વીટલા આંગલાં ટોપી ને છોકરીને સાસરવાશો કરીને મોકલીસું ને પછે આંગલાં ટોપીને સાસરવાશો કરીને વલાવી. ને સજોતરી વહેલ આપી ને ઘરના સર્વે સગાં વહાલાં ગામને પાદર સુધી

વળાવવા આવ્યાં. તેવારે જમાઈએ કહ્યું જે હવે પાછાં ફરો તેવો બધાં વીદાય કરી .પાછાં વળ્યાં ને પછે વેહેલ હાંકી તે પાદરેથી રાનમો આવ્યાં. તે રાનમાં એક ખાડી હતી પણ તેમાં પાણી નહોતું તેમાં આમલીનાં ઝુડાં ત્રણ હતાં ને તે ખાડીમાં એકાંતરો હતો તે કહેતો હતો જે અહીંયાં કોઈ આવે તેને ગળે પડું એવામાં પટેલ રજપુતની વેહલ આવી પહોંચી તેવારે પેલો એકાંતરો ઘરેડમાં આવીને પડયો તેને ઘરેડની વચ્ચે પડેલો જોઇને રજપુતે કહ્યું જે તું કોણછે જે ઘરડમાં વચ્ચે પડયોછે માટે હાંઘો ખસ ત્યારે એકાંતરીઓ કહેવા લાગોજે મારીથી તો ખસાય નહીં. ત્યારે રજપુત કહેવા લાગોજે ગધેડીના આઘો ખસ નહીંતો તારા ઉપર થઇને હાંકી જાસુ. તે પછે પેલી રજપુતાણીને દયા આવી તેથી કહ્યું જે એને વેહેલ ઉપર બેસાડો આગળ જઈને ઊતારી મુકીશું ત્યારે પેલો રજપુત બોલ્યો જે હું તો એને અડકું નહીં પછી રજપુતાણી બોલીજે એનો મેળે બેસેતો બે-સવા દો. ત્યારે પછે એકાંતરો ફસલીએ ફસલીએ આવ્યો ને વેહેલનો તોલાવો સાહ્યો ને પછે પીજણી સાહી. ને વેહેલ ઉપર ચઢીને બેઠો પછે વેહેલ હાંકીને ચારપાંચ ગાઉ આગલ ગયા એટલે એકાંતરીએ ઢાલ તરવાર બાંધીને સીપાઇ થઇને બેઠો તે જોઈ રજપુતની ધણીઆણીએ પોતાના ધણી રજપુતને કહ્યું જે પાછું

ફરીને જુઓ એટલે રજપુતે પાછું ફરીને જોયું તો સીપાઇ દીઠો ત્યારે રજપુત બોલ્યો જે તું કોણછે ત્યારે સીપાઇ બોલ્યો જે તું કોણછે ત્યારે રજપુત બોલ્યો જે વહેલ બળદ બઈરી છોકરાં સરવે મારાંછે. ત્યારે શીપાઇ બોલ્યો જે વેહેલ બળદ બઈરી છોકરાં સરવે મારાંછે એટલેતો તહાં લડાઈ જાગી ને મારામારી વઢયા ત્યારે પેલી રજપુતાણી બોલી જે તમે શાંનમાં સુંકરવા વઢી મરોછો ચાલો વસ્તીમાં જઈ ત્યાંએ પાંચ લોક મલીને જે ચુકવસે તે ખરૂં ત્યાર પછે વસ્તીમાં આવ્યા ને એકાંતરાને વેહલ ઉપરથી ઢોની પાડયો ને વેહેલ હંકી મુકીને ગામમાં આવ્યા એકાંતરો આગળથીજ આવીને પટેલને મલ્યો ને પટેલને કહ્યું જે આ વેહેલ બળદ બઈરી છોકરાં સરવે મારાંછે તે આ રજપુત લઈ જાયછે મારા પટેલનો ચાકર થઈ લઈ જાયછે ને આ-પતો નથી એમ કહ્યું એટલે પેલી વેહેલ આવી પોંહચી ને પટેલની આગલ રજપુતે ફરીયાદી કરી જે વેહેલ બળદ બઈરી છોકરાં સરવે મારાંછે

એને ગરીબ જાંણી વેહેલ ઉપર બેસાડયો તે હવે ગળે પડેછે ત્યારે રજપુતાણીને બોલાવીને પટેલે શાઘલી હકીકત પુછી તે રજપુતાણીએ ઉપજી નીપજી હતી તે બધી હકીકત કહી. ત્યારે પટેલે કહ્યું જે

અમારેથી એ કજીયો ચુકવાય નહીં, તમે અહીંથી જાવો તમારો ન્યાંય રોમનો પાદસા કરસે તેવારે ત્યાંથી વેહેલ હાંકી તે રોમના પાદસાહના ગાંમમો આવ્યા ને અગાઊથીજ આવીને એકાંતરીઆએ તે પાદસાહની આગલ ફરીયાદી કરી જે આ વેહેલ બળદ બઈરી છોકરાં સરવે મારાંછે ને આ રજપુત ગળે પડીને લઈ જાયછે એમ કહ્યું એટલે પેલી વહેલ ત્યાં આવી પોહોંચી. ને રજપુતે પણ પાદસાહની આગલ ફરીઆદી કરી જે આ વેહેલ બલદ બઈરી છોકરાં સરવે મારાં છે એને ગરીબ જાણીને વેહેલ ઉપર બેસાડયો તે હવે ગલે પડેછે. ત્યારે પાદસાહએ રજપુતાણીને બોલાવીને પુછ્યુ ત્યારે રજપુતાણીએ પાદસાહની આગળ જે કંઈ નીપજી હતી તે બધી હકીકત કહી જે અમો ધણી ધણીઆણીને છોકરાં વેહેલે બેસીને આવતાં હતાં તેવામાં એક ઉંડી ખાડી આવી તે પાણી વીનાની સુકી હતી તે ખાડીમાં આમલીનાં ઠુઠાં ત્રણ હતાં ને એ પણ ધરેડમાં પડેલો હતો તેવારે મારા ધાણીએ પુછ્યું જે તું કોણ છે આઘો ખસ ધરેડમાં વચોવચ કેમ પડયો છે ત્યારે એણે કહ્યું જે મારી વતીતો ઉઠાય નહીં ત્યારે મારા ધણીએ કહ્યું જે તારા ઉપરથી હાંકી જઈસું ત્યારે મને દયા આવી ને મારા ધણીને કહયું જે એને વેહેલ ઉપર બેસાડો આગળ જઈને ઉતારી મેલીશું ત્યારે મારા ધણીએ

કહયું જે હું તો એને અડકું નહીં એની મેળે બેસે તો બેસાડ ત્યારે હળવે હળવે વહેલનો તોળાવો પીંજાણી સાંગી સાહીને વેહેલ ઉપર ચઢીને બેઠો ને પછી વેહેલ હાંકી ત્યારે પછી થોડેક આગળ ચાલ્યા એટલે એણે ઢાળ તરવાર બાંધી ત્યારે મેં મારા ધણીને કહયું જે પાછું ફરીને જુવો મારા ધણીએ પાછું ફરીને જોયુ તો સીપાઇ દીઠો ત્યારે મારા ધણીએ કહયું જે તું કોણ છે ત્યારે એ બોલ્યો જે આ શરવે મારૂં છે તું કોણ છે હેઠો ઉતર ને મારા ધણીએ એને વેહેલ ઉપરથી ઢોળી પાડયો ને બંને જણા ખુબ મારા મારી વઢયા. ત્યારે મેં કહયું જે રાનમાં સુ કરવા લઢી મરોછો આગળ ગામ ને વસ્તી આવશે ચાલો ત્યાં પાંચ લોક મલીને ચુકવશે તે ખરૂં ત્યાથી શેહેર નગરમાં આવ્યા ને પટેલ ની આગળ ફરીઆદી કરી. પટેલે કહયું જે એ કજીયો અમારાથી નહીં ચુકવાય તમે રોમના પાદસાહની પાસે જાઓ તે તમારો ન્યાય કરશે. તે અમે રોમના પાદસાહ પાશે આવ્યા ને સરવે હકીકત માડીને કહી. ત્યારે પાદસાહએ કહયું જે એ કજીયો અમારાથી નહી ચુકવાય ત્યારે રજપુતે કહ્યું જે તમે નહી ચુકવશો તો કોણ ચુકવશે અમે તો તમારી પાશે આવીને સરવે હકીકત કહી. માટે તમો પાદસાહછો તમે જે કહેશો તે ખરૂં ત્યારે પાદસા પંડીતનેહે તેડીને

કહયું જે એ કજીઆનો ન્યાય કરો ત્યારે પંડીતે કહયું જે એનો ન્યાય સવારે કરીશું. પછે પંડીતને ફીકર થવા લાગી જે એનો ન્યાય શી રીતે ચુકવીશુ ને સવારે પાદસાહને શું જવાબ દઈશુ એવી પંડીતને ચીંતા થવા લાગી તે જોઈને વિદ્યાર્થી કહેવા લાગ્યા જે શું ચિંતા છે આપણી શીમને છેડે સાંગો સાંમોને ફાકજી ગોવાળ રહે છે તે ન્યાય ચુકવશે પછે ફાકજી ગોવાળને તેડાવ્યા તે આવ્યા ને એકાંતરાને બોલાવીને પુછ્યું તેણે બધી હકીકત પુછી તેવારે એકાંતરાને જે હકીગત થઈ હતી તે કહી. ત્યારે ફાકજી ગોવાળે બંનેજણાને તેડાવ્યા ને કહયું જે મારાં બોકડાં અહીંથી કોશ એક ઉપર છે તેને મારી પાશે લઈ આવે તો ન્યાય ચુકવું જાઓ વેહેલા થાઓ હું ખોટી થાઉં છઉં જે હાંકી લાવશે તેને સરવે આપીશ ત્યારે એકાંતરો દોડયો ને પલવારમાં બોકડાં હાંકી લાવ્યો ત્યારે ફાકજી ગોવાળે જાણ્યું જે આમા કંઈ કાવતરૂં છે. એમ નકી જાણ્યું ને ફાકજી ગોવાળે પાદશાહની પાસે જઈને કહયું જે ચુકવી આપો. ત્યારે પછી ફાકજી ગોવાળે બેહુ જણાને તેડીને કહું જે મારી મશકમાં ત્રણવાર પેશે ને ત્રણવાર નીકળે તેને સરવે આપું તને આ વેહેલ બલદ બઇરી છોકરાં સરવે આપું ત્યારે એકાંતરાએ કહયું જે હું ત્રણ વાર પેસું ને ત્રણવાર નીકળું ને પેલા રજપુતે તો કહયું

જે મારૂં કામ નહીં મારાથી તો મસકમાં ત્રણવાર પેસાએ ને ત્રાણવાર નીકળાએ નહી એમ કહીને આઘો જઇને બેઠો ને પછી એકાંતરો તો પેલી મસકમાં પેઠો બીજી વાર પણ પેશીને નીકલ્યો ત્રીજીવાર પેઠો ત્યારે ફાકજી ગોવાળે મસકનું મોઢુ ખુબ ખેચીને બાંધ્યું ને પગવતે ચાંપીને બેઠો તીયાર પછી પેલા રજપુતને તેડીને વેહેલ બળદ બઈરી છોકરા આપીને વીદાએ કર્યો પછે સાંગા નેરનો શીપાઇ હતો તે રાજા પાસે ચાકર રહેવા સારૂ આવ્યો. રાજાએ તે શીપાઈ જે ચાકર રહેવાને સારૂ આવ્યો હતો તેને કહયું જે મારી છોકરીને એકાંતરીઓ તાવ આવે છે તે કોઈ કાંઇ દારો દામણી જાણ તો હોય તો તેને ચાકર રાખુ. તીયારે પેલા ચાકરે જવાબ દીધો જે મારા ગામમાં ફાકજી ગોવાળ રહે છે તેને તેડી મંગાવો તીયારે રાજાએ સુખપાલ મોકલીને કહયું જે ફાકજી ગોવાળને તેડી લાવો તે સુખપાલ લઇને ફાકજી ગોવાલને તેડવા આવ્યા તીયારે ફાકજી ગોવાળ, કહે જે મારાથી તો અવાય નહીં આ કથા લખી આપું છઉં તે ત્રાણ ખુણાને ત્રેવટે જેને એકાંતરો તાવ આવતો હોય તેને બેશાડીને સંભળાવજો ને તેને ખજુરીની સોટી ત્રાણ મારજો તેવારે તાવ જશે તીયારે એકાંતરો બોલ્યો જે મને બહાર કાઢો તીયારે ફાકજી ગોવાળ કહે જે તને કેમ કાઢુ તીયારે એકાંતરો બોલ્યો જે જે કોઈ મારી કથા વારતા કરે તીયાં મારે નજીક જવું નહી જો જાઉં તો ખાળપાની કુંડીનો કીડો અવતરૂં તે કરતાં જો જાઉ તો કુંભારના ઘરનો ગધેડો અવતરૂં એવા એવા સમ ખાઇને એકાંતરો છુટયો ને ફાકજી ગોવાળે બહાર કાઢી મુકયો.

આ કથા સંભળાવેથી તાવ જાય શહી.
સવા પાંસેરનાં રોટલા કુતરાંને લાખવા.
એકાંતરા તાવની કથા ઇતીશ્રી.

સમાપ્ત.

અથ ચોથીઆ તાવની કથા લખી છે.

શુંદરપુર નામે નગરમાં શુંદરસેન નામનો રાજા રાજ કરતો હતો પણ તેને પેટે કંઈ છોકરૂ નહોતું. રાણી નીત્ય રાજાને કહે કે મને છોકરા વગર બીલકુલ ગમતુ નથી માટે ગમે તે ઉપાય કરો તો તમો તપ કરવા જાઓ અને માહાદેવજીને પ્રશાન કરો એટલે તે ભોલો દેવ પ્રસન થઈને આંપણને કંઈ શંતાન આપશે રાણીનું વચન સાંભલી રાજાએ મનમાં એવો નિશ્ચય કીધો કે સીવજીને ઉપાસના કરવાને જવુ એવું નક્કી કરીને પોતે ત્યાંથી ચાલ્યો તે અઘોર જંગલમાં જઈને તપ કરવા બેઠો અને ઘણા વરસ વહી ગયા પાણ કંઈ માહાદેવ પ્રસન થયા નહીં ત્યારે આખરે થાકીને પોતે પોતાનો જીવ આપવાનો નીશ્ચય કીધો એક દીવસ રાજાએ મનમાં વીચાર્યું કે શીવજી તો ઘણા વરશ થયા પણ હુજુ પ્રશાન થયા નહી માટે મારે વાંઝીઆ આ જગતમાં જીવીને સુ કરવું છે એમ વીચાર કરીને આખા જંગલમાંથી લાકડા વીણી લાવીને એક મોટી ચીયા સીચી અને બળી મરવાનો વીચાર નક્કી કીધો પણ જંગલમાં ચીયા સલગાવવાને દેવતા નહી મલ્યો ત્યારે રાજાએ બે પીપલના લાકડાને ઘશાવા માંડયાં એમ ઘસતાં ઘસાતાં જયારે ચાર દીવસ થયા ત્યારે તેમાંથી અગની પ્રગટ થયો તેને લઈ રાજાએ ચીયા શલગાવી આ ચીયામાં

પ્રદક્ષણા ફરવા માંડી એવામાં સીવ પાર્વતીનો રથ તે જંગલમાં રહીને જતો હતો તે પાર્વતીએ પેલાને બલી મરતો જોઇને કહ્યું કે હે માહારાજ આ બચારો કોઈ બહુ દુખીઓ છે માટે કૃપા કરી એનું દુઃખ મટાડવુ જોઈએ તીયારે માહાદેવજી બોલ્યા હે પાર્વતી તમે તો ગાડા થયા છો એવાતો ઘણાએ દુખી હસે તેના દુઃખ આપણે મટાડતા ફરીએ તો આપણો કયા છેડો આવે માટે જવાદો એ વાત તીયારે પાર્વતીજીએ હઠ લીધી કે ના માહારાજ એનું દુઃખ કાપ્યા પાછી અહીયાથી આગલ ચલાય નહી માટે એને જે દુઃખ હોય તે કૃપા કરી મટાડો તીયારે માહાદેવજી બોલ્યા પાર્વતી તમે તો ગાડાં થયા છો એતો એના પુર્વને સશકારે દુખ પામે છે એમાં હું શું કરીશ વીધાત્રીએ એના નસીબમાં એવું લખ્યું હસે તેમાં હું અને તું સું કરી શકવાના છઈએ તીયારે પાર્વતી બોલ્યા અરે માહારાજ જયારે તમો આમ બોલશો તીયારે જગતમા તમને માનશે કોણ અને તમારી પુજા પણ કોણ કરશે માટે હવે વીલમ નહી કરો વીલમ થશે તો તે બચારો અગનીની ચીયામા પડશે માટે એનું દુઃખ જે હોય તે કાપો તીયારે પાર્વતીનો ઘણો આગ્રહ જોઇને માહદેવજીએ પોતાના નંદીને તે રાજાએ ચીયા કરી હતી તેણી ગમ હાકયો અને પેલા રાજાને ચીયામાં પડતો અટકાવીને બોલ્યા માગ માગ આજે હુ તારાપર ઘણો પ્રસન થયો છું માટે તારે જે દુખ હોય તે કહે તીયારે રાજા નમન કરીને બોલ્યો હે માહારાજ જો

આપ માહરા ઉપર પ્રશન થયા હોતો અને એક છોકરો આપો છોકરો આપો છોકરો આપો છોકરો આપો એમ કહીને ચાર વખત છોકરો માગ્યો તીયારે માહાદેવજી બોલ્યા જા તને છોકરો થશે પણ તેનું **નામ તું ચોથાઆ પાડજે કારણ કે તેં મારી પાસે ચાર વખત માગ્યો છે.** રાજા વરદાન લઈ ઘેર ગયો ને રાણીનો બહુ પ્રશાન થઈ થોડે દહાડે રાણીને પેટે એક સુદર છોકરાનો જન્મ થયો તે વાત રાજાએ જાણી એટલે ભાટ બ્રામણ ને બોલાવ્યા અને ઘણું દાન આપ્યું હવે છોકરો તો દાહાડે દાહાડે મોટો થવા માંડયો તીયારે રાજાએ સીવજીના કેવા પ્રમાણે તે છોકરાનું નામ ચોથીઆ પાડયું હવે છોકરો બાર વરસનો થયો અને ભણીગણી હોસીયાર થયો અને ગામે ગામના માંગા આવવા લાગ્યા કે છોકરાના લગન કરો તીયારે રાજાએ કશાપાવતી નગરીનો રાજા કશ્પસેન ની છોકરી ભાનુમતી શાથે છોકરાના વેવા કરયા અને થોડે દાહાડે લગનની ધામધુમ ચાલી. રાજાએ પોતાની આખી નગરીને જાનમાં આવાનું કહયું તે પ્રમાણે બધા તૈયાર થયા રથ, પાલખી. હાથી, ઘોડા વીગેરે બહુ ધામધુમથી જાન કાઢી અને કશાપાંવતી ભણી ચાલ્યા થોડે દહાડે કશાપાવતી નગરીમાં પોચ્યા તીયાં કશ્પસેન શામુ શામઈયુ કરવા આવ્યા અને જાનને ઉતારો આપ્યો અને

બીજે દીવશે લગનનો દાડો હતો તેથી ત્યાં ખુબ ધામ ધુમ થઇ રહી હતી હવે બીજે દીવસે મોટો વરઘોડો કાઢી **ચોથીઆને પરણાવવાને સારૂ લઈ ગયા** તીયાં શાંસુએ પોંકી લીધો અને માહેરામાં બેસાડયો એટલે ગોર બોલ્યા કન્યા લાવો તીયારે કન્યાનો મામો કન્યા લઈ આવ્યો અને સારી ધામધુમથી લગન થયા બે ચાર દાહાડા જાન રહી અને પછી સુદરસેને કહયું કે હવે હમને વલાવો તીયારે કસ્પસેને તેને વદાયગીરીમાં હાથી ઘોડા રથ પાલખી વીગેરે ઘણો શામન આપ્યો તે લઈ રાજા તીયાંથી જાન સાથે ચાલ્યા અને સુંદરપુર આવી પોંચ્યા હવે છોકરાની ઉમર સોલ વરષની થઈ તીયારે રાજાએ વીચાર કીધો કે હવે છોકરો રાજ ચલાવવાને લાયક થયો છે માટે જોશીને બોલાવી કહયું કે હવે ચોથીઆ કુંવરને ગાદીપર બેશાડવો છે માટે શારૂ મુરત સોધી આપો જોસી એ પોતાના ટીપણામાં જોઇને કહયુ રાજા કાલનો દાહાડો એવો સારો છેકે કાલે જે ગાદીપર બેશે તે ચક્રવતી થાય રાજા અને તેનું નામ અમર રહે માટે કાલેજ કુવરને ગાદીએ બેસાડવો રાજાએ જોશીને ઈનામ આપી વદાય કીધા અને પરધાનને બોલાવીને કહયું કે કાલે ચોથીઆ કુંવરને રાજયભીસેક કરવો છે માટે તેમા જે જે શામન જોઈએ તે તૈયાર કરાવો પ્રધાન કહે બહુ સારૂ માહારાજ હુ પરોધને તીયાં જઈ કહુંછું કે રાજયભીશેકમાં શુંશું જોઈએ અને તે કહેશે એટલો સામન તઈયાર કરૂંછું હવે સવારનું પોર થયું આખા ગામમા ખબર પડી કે ચોથીઓ કુંવર ગાદીપર બેશે છે માટે ઘણા શેઠ સાઉકારો નજરાણા લઈ

ને આવ્યા તેને રાજાએ આવકાર દઈ બેસાડયા પેલીમેર બઇરૂઓ ગીત મંગલ ગાય છે બ્રામણો ભણે છે ભાટ અને બે દીજન ગુણાનુવાદ બોલે છે તોપના ધડાકા થાય છે એવી ધામ ધુમે ચોથીઆ કુવરને ગાદીએ બેસાડયો અને રાજા બોલયો કેમ તું હવે ,રાજકાજ ચલાવવાને લાયક થયો છે માટે હવે હું તપસીયાને જાઉં છું તુ આ રાજ સારી રીતે ચલાવજે પ્રજાને કદી દુઃખ દઈશ નહી તીયારે ચોથીઓ કુવર બોલયો પીતાજી જેવી રીતે આપ ચલાવતા હતા તેવી રીતે હું રાજ ચલાવીશ અને મને જેમાં સમજ નહી પડશે તે વાત હુ આપણા પરધાનને પુછીશ રાજાએ કહયુ કે ઘણું સારૂં એમ કહીને પોતે પોતાના શઘલા અલંકાર ઉતારીને જંગલમા ચાલતો થયો હવે ચોથીઓ રાજ કરેછે રાજ કરતા ઘણા વરષ વહી ગયા પન ચોથીઆને પણ કંઈ છોકરૂં થયુ નહીં ત્યારે ચોથીઓ એક દીવસ તેની માપાસે ગયો ચોથીઆનુ મો ઉતરેલુ જોઇ તેની મા બોલી કેમ ભાઈ આજે કંઈ તારૂ મો ઉતરેલુ દેખાયછે ચોથીઓ કહે ના મા એતો કંઇ નહીં ત્યારે રાણીએ રામ દઇને પુછયું કે તું નહી કહે તો તને મારા સોગનછે તીયારે ચોથીઓ બોલ્યો માજી મારી આટલી ઉમર થઇ પણ મને કંઇ છોકરૂં નથી માટે મને બહુ ફીકર થાયછે તીયારે તેની મા બોલી નસીબમા હસેતો થસે હુ કઉ તે કર જા પાસેના જંગલમાં જઈને શીવજીનુ આરાધના કર કે તે તને પરશન થઈતે વરદા-ન આપસે ચોથીઓ કહે વારૂ માજી ઓ કરૂછું એમ કરીને પોતાની રાણીના મેલમાં ગયો તીયાં જઇને જુવેછે તોરાણીએ ધોલ વસ્ત્ર પેરેલાંછે એક ખુણે બેઠી બેઠી રડેછે તીયારે

ચોથીઓ બોલ્યો તું આમ તારા દેહને કષ્ટ સું કરવા આપેછે. આપણા નસીબમાં હસે તો છોકરૂ થશે હુ કાલે પાસેના જંગલમાં જઈને માહાદેવની પ્રાર્થના કરૂછું કે તે ભોલો દેવ આપણું કષ્ટ કાપસે તીયારે રાણી બોલી ગમે તેમ કરો પણ મારાથી લોકોના મેણા નથી ખવાતા માટે ગમે તેમ કરી એક છોકરો અથવા છોકરી થાય તો વાંઝીઆ મેણુ ટલે પછી ચોથીઓ તો જંગલમા જઇને તપ કરવા બેઠા તપ કરતાં કરતાં ઘણા વરષ વીતી ગયા તીયારે માહાદેવજી આવ્યા ને કહ્યું હે ચોથીઆ તુ મારોજ આપેલોછે માટે હું તારૂ અતી તપ જોઈને આવ્યોછું તું શું કરવાને તપ કરેછે તારે સું દુઃખછે તીયારે ચોથીઓ બોલ્યો માહારાજ મારે પેટે કંઇ છોકરૂં નથી તેથી લોક મને વાંઝીઓ કહેછે માટે કૃપા કરીને મને એક પુત્ર આપો તો મારૂ નામ રહે તીયારે માહાદેવ બોઈલા અરે ચોથીઆ તુ તારી આખી જીંદગી અહીંઆ બગાડશે તો પણ તને કદી છોકરૂ થનાર નથી જો સાંભલ પુર્વે તુ એક બ્રાહ્મણ હતો અને તારે પેટે બે દીકરીઓ હતી પણ તુ બહુ ગરીબ હાલતમાં હોવાથી એકનેતો તેં પઈસા લઈ પરણાવી પણ બીજીના કોઇએ પઈસા નહી આપવાથી તે તે છોકરીને મારી નાખી માટે તારે પેટે કોઈ દાહાડો છોકરો કે છોકરી થશે નહી તીયારે ચોથીઓ ગગલીત કંઠે બોઈલો તીયારે માહારાજ મારૂ નામ પાછલથી નહી રહે તીયારે સીવજી બોઈલા જા તારૂ નામ પ્રથવીમાં જ્યાં લગી સુરજ અને ચંદ્ર તપેછે તીયાં લગી કાયમ રેહેસે મારો મોકલેલો આ પ્રથવી ઉપર ચોથીઓ તાવછે અને તે લોકોને ઘણી પીડા કરેછે માટે જો જે કોઇ માણસ તારૂ આખું વૃતાંત શાભલે તેને ચોથીઓ કોઇ દાહાડો પીડે નહી અને પીડેતો તેને મારી આણદા માટે તારૂ આખુ વ્રતાત તારી માને પુછીને કથારૂપે પ્રગટ કરજે અને જેને ચોથીઓ તાવ આવતો હોય તેના મોડા આગલ સધા રાખીને વાંચે એટલે તુરત ચોથીઓ નાસે. [સમાપ્ત]